નં. ડીપીપી/તકેદારી–

નિયામક : ૨૩૨૫૩૨૧૩ (અં)
કચેરી,
કચેરી : ૨૩૨૫૩૨૦૮ થી ૧૨
ફેક્સ : ૨૩૨૫૩૯૦૬

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની

ગુજરાત રાજ્ય, " વીમા અને લેખા ભવન"
બ્લોક નં. ૧૮, સેકટર–૧૦/બી
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

તા. – – ૨૦૦૬.

પરિપત્ર :–

વિષય :– તા.૧/૪/૨૦૦૫ થી અમલી નવી વર્ધિત પેન્શન યોજનામાં Employer Matching Contribution રાજ્ય સરકારના ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ધ્વારા જમા કરાવવા બાબત

સંદર્ભ :–. (૧) નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/
જીઓઆઈ/૧૦/ પી.

(૨) નાણાં વિભાગના તા.૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/
જીઓઆઈ/૧૦/પી.

સંદર્ભ–૧ માં દર્શાવેલ તા.૧૮/૩/૦૫ ના ઠરાવની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકાર ધ્વારા તા.૧/૪/૦૫ ના રોજ અથવા ત્યાર બાદ નિમણુંક પામનાર કર્મચારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના તા.૧/૪/૨૦૦૫ થી અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવની પેરા–૭ ની જોગવાઈઓ મુજબ કર્મચારી/અધિકારીના ફાળા ઉપરાંત રાજ્ય–સરકાર/સંસ્થાઓએ પણ ૧૦ ટકા ફાળો Employer Matching Contribution જમા કરાવવાનો રહે છે. નાણાં વિભાગના તા.૧/૯/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ–૧૦/પી, થી Employer Matching Contribution ની જરૂરી રકમની જોગવાઈ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા નીચેના સદરે કરવાની રહે છે.

મુખ્ય સદર – ૨૦૭૧

પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ

પેટા મુખ્ય સદર–૦૧ મુલ્કી

ગૌણ સદર–૧૧૭,

નક્કી કરેલ વર્ધિત પેન્શન

યોજના માટે સરકારનો ફાળો.

પેટા સદર– (૦૧)

નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ટાયર–૧

હેઠળ રાજય સરકારનો ફાળો

નાણાં વિભાગના તા.૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી, ના પેરા૩૧ થી હાલની જોગવાઈ રદ કરવામાં આવે છે અને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

" નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીઓ પૈકી જેમનો ફાળો રાજય સરકારે ચુકવવાનો છ તેવા કર્મચારીના સંબંધિત ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીએ Employer Matching Contribution ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ દ્વારા જ ઉપાડવાની અને જે તે કર્મચારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે. જે કર્મચારી માટે Employer Matching Contribution ફાળાની રકમ રાજય સરકારે ભોગવવાની નથી. અને જે તે સંસ્થાના / બોર્ડ/ કોર્પોરેશન ભોગવવાનો રહેશે. તે કિસ્સામાં જે તે કર્મચારીના ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીએ ફાળાની રકમ ઉપાડીને જે તે કર્મચારી/ અધિકારીના પેન્શન ખાતામાં જમા કરવાની કાર્યવાહી કરવાની રહેશે. "

ઉક્ત વિગતે આથી સંબંધકર્તા તમામ સરકારી તિજોરી કચેરીઓ (પેટા તિજોરી કચેરીઓ સહિત) તથા પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગરને ખાસ ધ્યાન પર લાવવામાં આવે છે કે, હવે તાત્કાલિક અસરથી નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે સરકારી ફાળાની રકમ અંગેનું કોઈપણ બીલ Employer Matching Contribution રાજય સરકારે ચૂકવવાની થતી બીલની રકમ) પાસ કરવાનું રહેતું નથી. જેની નોંધ લેવા તથા સંબંધકર્તા તે અંગેની જાણ કરવા વિનંતી છે.

નિયામક

<u>નકલ રવાના:-</u>

(૧) નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, ગુ.રા., ગાંધીનગર તરફ જાણ તથા ઘટિત થવા સારૂ.
(૨) નાયબ સચિવશ્રી (પેન્શન), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નાયબ નિયામકશ્રી (તિજોરી નિયંત્રણ), હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,ગુ.રા.,ગાંધીનગર.
(૪) સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગુ.રા., ગાંધીનગર.
(૫) તમામ જિલ્લા તિજોરી કચેરી/ PAS - જરૂરી કાર્યવાહી અર્થે.